શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

## રાજ્યમાં વધુ ૩૯૧ નવા કેસ : અમદાવાદમાં ૨૭૬ : ગાંધીનગરમાં ૦૬

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬૮ | ૧૮ મે, ૨૦૨૦, સોમવાર; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હવે, દેશમાં ૩૧મી મે સુધી લોકડાઉન

**લોકડાઉન-૪માં મોટાભાગના અધિકાર રાજ્યોને અપાયા : આર્થિક પ્રવૃત્તિને ખોલવા માટે માર્ગદર્શિકામાં ફેરફાર કરવામાં આવશે : નવી દિશાનિર્દેશોમાં છુટ રહેશે : ઘણા રાજ્યોએ પહેલાથી લોકડાઉન વધારી દીધું**

નવી દિલ્હી, તા. ૧૭

દેશમાં કોરોના વાયરસના વધતા ચેપને ધ્યાનમાં રાખીને લોકડાઉન ૩૧ મે સુધી લંબાવવામાં



આવ્યું છે. લોકડાઉન -૪ માં મોટાભાગના અધિકારો રાજ્યોને આપવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર કેન્દ્રિય સૂચિમાં આવતા વિષયો પર અલગ વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરશે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ) એ આ સંદર્ભમાં એક આદેશ જારી કર્યો છે. આમાં કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગો અને રાજ્ય સરકારોને કોવિડ-૧૯ ના ચેપ ટાળવા માટે પગલાં ભરવા જણાવ્યું છે. ૨૫ માર્ચથી દેશમાં લોકડાઉન અમલમાં છે. એનડીએમએએ કોઈ નવી માર્ગદર્શિકા બહાર પાડી નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય કારોબારી સમિતિ (એનઈસી) એ દેશમાં લોકડાઉન અંગે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ ની કલમ ૧૦ (૨) હેઠળ સમયાંતરે આદેશો અને સ્પષ્ટતા જારી કરી છે. એનડીએમએએ તેના આદેશમાં જણાવ્યું છે કે કોવિડ -૧૯ ના ફેલાવાને રોકવા માટે લોકડાઉન પગલાં ૩૧ મે સુધી ચાલુ રહેશે. આર્થિક પ્રવૃત્તિઓ ખોલવા માટે, એનઈસી કોવિડ -૧૯ ના ફેલાવા તેમજ વધુ આર્થિક પ્રવૃત્તિઓને અટકાવવા માર્ગદર્શિકામાં જરૂરી ફેરફાર

● અનુસંધાન પાન-૭ પર

### ૩૧મી સુધી શું-શું બંધ રહેશે

- તમામ વિમાની સેવા (એર એમ્બ્યુલન્સ સિવાય) મેટ્રો રેલ સેવા
- હોટેલ, રેસ્ટોરેન્ટ, સિનેમા હોલ, મોલ્સ, સ્વીમીંગ પુલ્સ, જીમ, શાળા-કોલેજો, તમામ ધાર્મિક સ્થળો, રાજકીય પક્ષોની પ્રવૃત્તિઓ
- સાંજે ૭ થી સવારે ૭ તમામ પ્રવૃત્તિઓ પર રોક દરમિયાન કડક લોકડાઉનનો અમલ

### રાજ્ય સરકારો શું-શું કરશે

- કન્ટેઈનમેન્ટ ઝોન રાજ્ય સરકાર નિયત કરશે
- વેપાર-ઉદ્યોગ કયા ઝોનમાં કેટલી પરવાનગી આપવી એ રાજ્ય સરકાર નક્કી કરશે.
- સરકારી કે બિનસરકારી કચેરીઓ કેટલી અને ક્યાં ચાલુ કરવી તે રાજ્ય સરકાર નક્કી કરશે.
- આંતર જિલ્લા અને આંતરરાજ્ય બસ પરિવહન અંગે રાજ્ય સરકાર નિર્ણય કરશે.

## ગુજરાતમાં છૂટછાટના નિયમોની આજે સાંજે જાહેરાત થશે : રૂપાણી

**કન્ટેઇન્ટમેન્ટ ઝોન બહાર છુટછાટ આપીશું : આજે નવા નિયમો જાહેર કરાશે : આજથી અમલી લોકડાઉન-૪ મામલે કોઇ નિર્ણય નહીં**

ગાંધીનગર,તા.૧૭

ગુજરાત સહિત દેશભરમાં આજે



લોકડાઉન-૩ના અંતિમ દિવસે લોકડાઉન-૪ની જાહેરાત કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને હળવા નવા નિયમો અમલી કરવા માટે મંજુરી આપી છે. આજથી લોકડાઉન-૪ની શરૂઆત થશે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સ યોજી માહિતી આપી હતી પરંતુ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કયા નિયમો લાગૂ કરાશે તે અંગે આવતીકાલે જાહેરાત કરાશે તેવી વાત કરી હતી. કન્ટેન્ટમેન્ટ ઝોન બહાર છુટછાટ આપવા અંગે મુખ્યમંત્રીએ માહિતી આપી હતી. આ મામલે આવતીકાલે જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

### છેલ્લે... છેલ્લે...

- ઈઝરાયલમાં નવી સરકારના શપથગ્રહણના થોડાંક જ કલાકો પહેલાં ચીની રાજદૂતનું શંકાસ્પદ પરિસ્થિતિમાં મોત થતાં હડકંપ મચી ગયો છે.
- હિમાચલ પ્રદેશમાં ચીનના હેલિકોપ્ટરની ૧૨ કિલોમીટર સુધી ઘૂસણખોરી
- કાશ્મીરમાં અથડામણમાં હિઝબુલના બે આતંકી ઠાર, એક જવાન શહિદ
- હૈદરાબાદમાં એક જ એપાર્ટમેન્ટમાંથી ૨૫ લોકો કોરોના પોઝિટિવ નીકળતા હડકંપ.
- દિલ્હી કોંગ્રેસ અધ્યક્ષ અનિલ ચૌધરીની પોલીસે અટકાયત કરી
- અમ્ફાનની એન્ટ્રીના પગલે ઓડિશાના ૧૨ જિલ્લાઓમાં હાઈ એલર્ટ
- ભોપાલમાંથી તબલિગી જમાતના ૬૪ વિદેશી નાગરિકોની ધરપકડ
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૩૩૦૫૩ |
| ગુજરાત | ૧૧૩૮૦ |
| તામીલનાડુ | ૧૧૨૨૪ |
| દિલ્હી | ૯૭૫૫ |
| રાજસ્થાન | ૫૦૮૩ |
| મધ્યપ્રદેશ | ૪૯૭૭ |

## દેશમાં વતન વાપસી માટે શ્રમિકો દ્વારા ઉગ્ર હોબાળો

**રાજકોટમાં મજુરોએ રસ્તામાં તોડફોડ કરી : બિહારના પરપ્રાંતિયઓની સહારનપુરમાં અંબાલા હાઈવે જામ કરી બસોની માંગ : રેવામાં પોલીસ સાથે અથડામણ**



નવીદિલ્હી, તા. ૧૭

તમે આ દિવસોમાં લોકડાઉનમાં બેરોજગાર મજૂરોની પલાયનની ઘણી તસવીરો અને વીડિયો જોયા હશે. દરમિયાન, ઘેર જતા ઘણા મજૂરો પણ અકસ્માતોનો ભોગ બન્યા છે, ત્યારબાદ અનેક રાજ્ય સરકારોએ સરહદો સીલ કરી દીધી છે અને કામદારોને પગ, સાયકલ, બાઈક અથવા ટ્રકો ઉપર જવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

આ પછી દેશના વિવિધ ભાગોમાં મજૂરોએ રવિવારે ઉગ્ર હંગામો કર્યો હતો. બધી ટિપ્પણીઓ જુઓ તમારી ટિપ્પણીઓ લખો ઉત્તર પ્રદેશના સહારનપુરમાં, પરપ્રાંતિય મજૂરોએ ભારે હોબાળો મચાવ્યો હતો અને સહારનપુર-અંબાલા હાઈ-વે અવરોધિત કર્યા હતા. પોલીસ-વહીવટ અધિકારીઓ તેમને સમજાવતા રહ્યા, પરંતુ પરપ્રાંતિય મજૂરોએ હાઈવે છોડી દીધો નહીં. ત્યારબાદ કમિશનર, ડીએમ, એસએસપી ઘટના સ્થળે પહોંચી તેમની માંગણીઓ

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વભરમાં મોતનો આંક વધી ૩૧૩૬૩૬ થયો

**કેસોની સંખ્યા વધીને ૪૭૩૭૯૨૬ થઇ એક્ટિવ કેસો વધીને ૨૬૦૦૯૭૦ પહોંચી**



નવી દિલ્હી,તા.૧૭

દુનિયાભરમાં કોરોના વાયરસનો આતંક યથાવત રીતે જારી રહ્યો છે. કેસોની સંખ્યામાં આવિરતપણે વધારો થઇ રહ્યો છે. અમેરિકા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની, રશિયા અને ભારત પણ બચી શક્યું નથી. ભારતમાં પણ કેસોની સંખ્યા અવિરતપણે વધી રહી છે. વિશ્વમાં સૌથી પ્રભાવિત દેશોમાં અમેરિકાનો સમાવેશ થાય છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. ત્યારબાદ સ્પેનનો સમાવેશ થાય છે. દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઈ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૪૭૩૭૯૨૬ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૪૭ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે.

## દેશમાં ૨૪ કલાકમાં ૪૯૭૮ પોઝિટિવ કેસ

**કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૯૦ હજારને પાર : ૧૨૦ના મોત : મૃત્યુઆંક ૨૮૭૨એ પહોંચ્યો : રિક્વરી રેટ વધીને ૩૭.૫૧ ટકાએ પહોંચ્યો, લોકડાઉન ૩.૦ના છેલ્લા દિવસે સૌથી વધુ કેસો નોંધાતા સરકારની ચિંતામાં વધારો : લોકડાઉન ૪.૦ની શરૂઆત**

ન્યુ દિલ્હી,તા.૧૭

દેશમાં કોરોના વાયરસનો અજગર ફૂંફાડા મારીને રોજ તેનો ભરડો વધુ કઠણ બનાવી રહ્યો છે. રવિવારે આરોગ્ય મંત્રાલયે આપેલા આંકડા મુજબ એક જ દિવસમાં કોરોનાના રેકોર્ડ ૪,૯૮૭ કેસનો વધારો થયો હતો તેમજ ૧૨૦ વધુ દર્દીઓના મોત થયા હતા. આ સાથે જ દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૫૩,૯૪૬ને આંબી ગઈ છે. અત્યાર સુધીમાં ૩૪,૧૦૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપવામાં સફળ રહેતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે તેમજ એક વિદેશી નાગરિક સ્થળાંતર કરી ગયો છે. આરોગ્ય મંત્રાલયના વરિષ્ઠ અધિકારીના મતે દેશમાં કોરોનાના દર્દીઓનો સાજા થવાનો દર ૩૭.૫૧ ટકા આસપાસ છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૫૬ દર્દી સારવાર બાદ સાજા થયા છે. સમગ્ર દેશમાં અત્યાર સુધીના કુલ કેસના ૩૫ ટકા લોકો એટલે કે ૩૧,૮૭૩ લોકો કોરોનાને માત આપી ચુક્યા છે અને સાજા થઈને ઘરે પરત આવી ગયા છે.

આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ વધુ ૧૨૦ દર્દીઓના કોરોનાથી મોત થતા કુલ મૃત્યુઆંક ૨,૮૭૨ પર પહોંચ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૪૭૫૭૦૬૬ | ૩૧૩૯૯૭ | ૧૮૨૯૨૧૨ |
| ભારત | ૯૫૨૬૮ | ૩૦૧૪ | ૩૬૩૪૫ |
| ગુજરાત | ૧૧૩૮૦ | ૬૫૯ | ૪૪૯૯ |
| ગાંધીનગર | ૧૬૯ | ૦૬ | ૬૬ |

GANDHINAGAR DIST. CO.OPERATIVE MILK PRODUCERS' UNION LTD.

મધુર કેસર કેરી

100% કાર્બાઈડ ફ્રી

તલાળા-ગીરના ખેડૂતોએ પકવેલ રસમધુર

અસલી કેસર કેરી

કોરોના સામે ટકવા વિટામીન-સીથી ભરપૂર કેરી જે આપણી ઈમ્યુન સીસ્ટમને પણ મજબૂત કરે છે.

10 કિલો બોક્ષના રૂ. 800/-

તમામ મધુર-અમૂલ પાર્લર ઉપર ઉપલબ્ધ

WhatsApp 7383563861, 9824680782

કેરીથી કોરાના સંક્રમણ અટકાવવા મધુર ગ્રાહકોને નમ્ર નિવેદન

૧.કેરીને ખરીદતી વખતે સુંઘશો નહિ કે વધુ અડકશો નહિ.

૨.છૂટક કરતા બોક્ષમાં પેક કેરી ખરીદવાનો આગ્રહ રાખો.

૩.કેરીને બોક્ષમાંથી કાઢી ગરમ હુંફાળા પાણીમાં ધોઈ નાખો.